# ૧૫મી વિધાનસભાના ચોથા સત્રારંભે માન. રાજ્યપાલશ્રીના સંબોધન પર તા. ૦૬.૦૨.૨૦૨૪ ના રોજ ચર્ચા માટે પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રના અગત્યના મુદ્દા

**માન. ધારાસભ્યશ્રી ____________________ (___________)**

====================================================

માન. અધ્યક્ષશ્રી,

- પશુઓના દૂધ ઉત્પાદન પર અસર કરતા અગત્યના રોગોની સંપૂર્ણપણે નાબૂદી અને દેશના તમામ પશુપાલકો માટે સારી આજીવિકાની તકો સુનિશ્ચિત કરવાના નિર્ધાર સાથે રાજ્ય અને કેન્દ્રની ડબલ એન્જિન સરકાર સાથે મળી કાર્ય કરી રહી છે, ત્યારે રાજ્ય સરકારને આપના માધ્યમથી અભિનંદન પાઠવવા અને માન. રાજ્યપાલશ્રીના સંબોધનમાં પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રના મુદાઓના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા હું ઉપસ્થિત થયો છું.
- આપણા સૌના લોકલાડીલા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ જયારે તેઓ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે, પશુ આરોગ્ય-પશુ સંવર્ધન અને વિસ્તરણ સેવાઓનો લાભ પશુપાલકો પોતાના ગામબેઠા વિના મૂલ્યે મેળવી શકે તેવા શુભ આશયથી વર્ષ ૨૦૦૨ થી “પશુ આરોગ્ય મેળા અભિયાન”નો પ્રારંભ કરાવ્યો હતો.

- રાજ્ય સરકાર દ્વારા પશુપાલકોને ગામ બેઠાં નિષ્ણાત પશુચિકિત્સકોની ટીમ દ્વારા ઝુંબેશ સ્વરૂપે પશુસારવાર મળી રહે તે માટે પશુઆરોગ્ય મેળા યોજવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં કુલ ૪,૦૦૦ જેટલા પશુ આરોગ્ય મેળાના આયોજન થકી ૧૪ લાખથી વધુ પશુઓને સારવાર આપવામાં આવી છે.
- કોઈપણ પશુપાલકનું પશુ સારવાર વિહોણું ન રહે તેવા ઉમદા આશયથી સરકાર દ્વારા **"મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુસારવાર યોજના"** હેઠળ રાજ્ય સરકારની તમામ સંસ્થાઓ ખાતે વિનામુલ્યે પશુ સારવાર પુરી પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં અંદાજે ૪૬ લાખથી વધુ પશુ સારવારની કામગીરી થઈ છે.
- રાજ્ય સરકારે શરૂ કરેલ “દસ ગામદીઠ એક ફરતાં પશુ દવાખાના” અને “કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨” ની ઓન-કોલ સેવાઓથી રાજ્યમાં પશુ ચિકિત્સાની સુવિધાઓ વધુ મજબુત બની છે.
- પશુપાલક માટે આર્થિક રીતે નુકસાનકારક અને જીવલેણ ચેપી રોગોના અટકાવ અને નિયંત્રણ માટે રાજ્ય સરકાર દર વર્ષે સમયસર વિવિધ રસીકરણ ઝુંબેશ હાથ ધરે છે.
- આપણા દેશના લોકલાડીલા માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં નેશનલ એનીમલ ડીસીઝ

કંટ્રોલ પ્રોગ્રામ કાર્યાન્વિત કરી રાજ્યના પશુધનને ખરવા-મોવાસા અને બ્રુસેલ્લોસીસ રોગોથી રક્ષિત કરવા માટે રસીકરણના કાર્યક્રમો અમલમાં મુક્યા છે અને તેમાં થતો સંપુર્ણ (૧૦૦%) ખર્ચ કેંદ્ર સરકાર ઉઠાવે છે.

- નેશનલ એનીમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં આપણા રાજ્યમાં યોજાયેલ રસીકરણ અભિયાનમાં કુલ ૧ કરોડ ૫૬ લાખથી વધુ પશુઓને આ રસીકરણ અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- પશુપાલન વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે ૧૨ દુધાળા પશુ અને ૫૦ દૂધાળા પશુના ફાર્મની સ્થાપના માટે પશુની ખરીદી પર વ્યાજ સહાય, પશુ વિમા સહાય તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ માટે સહાય પૂરી પાડી પશુપાલન પ્રવૃત્તિને રોજગારી સાથે જોડવાનાં ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે.
- પશુ સંવર્ધન ક્ષેત્રે કૃત્રિમ બીજદાન, સેક્સડ સીમેન ડોઝ, આઈ.વી.એફ. જેવી અધ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરી રાજ્યના પશુપાલકો માટે પશુપાલન વ્યવસાય વધુ નફાકારક બની રહે તે દિશામાં રાજ્ય અને કેન્દ્રની ડબલ એન્જીન સરકારે અનેકવિધ કાર્યક્રમો અમલમાં મુક્યા છે.

- તે ઉપરાંત રાજ્ય સરકાર ગૌશાળા-પાંજરાપોળ માટે વિવિધ માળખાકીય સુવિધાઓ માટે સહાય પણ ઉપલબ્ધ કરાવી રહેલ છે તે બાબત આપણે સૌ જાણીએ જ છીએ.
- ગૌસેવા, ગૌપાલન અને ગૌરક્ષા માટે ચિંતા સેવી વર્ષ ૨૦૨૨-૨૩ થી "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" અમલમાં મુકાયેલ યોજનામાં પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા-પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને ભેંસ વર્ગના પશુઓના નિભાવ માટે "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" અંતર્ગત પશુદીઠ પ્રતિદિન રૂ.૩૦/- લેખે સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" હેઠળ કુલ રૂ. ૧૭૫ કરોડ જેટલી માતબર રકમની સહાય ગૌશાળા-પાંજરાપોળને ચુકવવામાં આવી.
- વર્ષ ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીમાં પ્રથમ ત્રિમાસિક સમયગાળા માટે ૧,૨૨૫ સંસ્થાઓના ૩,૬૭,૪૯૯ પશુઓ માટે રૂ. ૧૦૦ કરોડની નિભાવ સહાય અને બીજા ત્રિમાસિક સમયગાળા માટે ૧,૦૨૦ સંસ્થાઓના ૨,૭૬,૩૫૨ પશુઓ માટે રૂ. ૭૬ કરોડની નિભાવ સહાય મળી કુલ રૂ. ૧૭૬ કરોડની સહાય આપવામાં આવી છે.
- પશુધનના આરોગ્યના રક્ષણને બંધારણીય જવાબદારી સમજીને રાજ્યમાં પશુધનની સંખ્યાની સામે પશુચિકિત્સા સેવાનો વ્યાપ

વધારવાના ઉમદા હેતુથી પશુપાલકોને ગામ બેઠાં પશુ ચિકિત્સા અને પશુ સંવર્ધન સેવાઓ ઉપલબ્ધ કરાવવવાનાં રાજ્ય સરકારના અભિગમનાં કારણે રાજ્યનાં પશુઓનાં દૂધ ઉત્પાદન અને ઉત્પાદકતામાં ઉત્તરોત્તર વધારો નોંધાયેલ છે.

- ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૧૭૨.૮૦ લાખ મે.ટન સાથે દેશના કુલ વાર્ષિક દૂધ ઉત્પાદનમાં ૭.૪૯% હિસ્સા સાથે ચોથા ક્રમે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન દેશમાં ઉત્પન્ન થયેલ દર ૧૩ લીટર દુધમાં ગુજરાત રાજ્યનું ૧ લીટર દૂધનું યોગદાન રહેલ છે.
- વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૨૨-૨૩ ના ૨૦ વર્ષના સમયગાળા દરમિયાન સમગ્ર દેશના દૂધ ઉત્પાદનમાં વાર્ષિક સરેરાશ ૮.૩૮% નો વધારો નોંધાયેલ છે, જયારે ગુજરાત રાજ્યના દૂધ ઉત્પાદનમાં વર્ષ ૨૦૦૨-૦૩ થી વર્ષ ૨૦૨૨-૨૩દરમિયાન ૯.૧૯% નો સરેરાશ વાર્ષિક વધારો નોંધાયેલ છે.
- ગુજરાત રાજ્યમાં ઉત્પન્ન થતા દૂધના સંપાદન, પ્રોસેસિંગ તેમજ દૂધ અને દૂધની બનાવટોના વેચાણ અને માર્કેટિંગ માટેનું અમુલ બ્રાન્ડના નામે કાર્યરત સહકારી ડેરી માળખુ સમગ્ર દેશ અને વિશ્વમાં પ્રખ્યાત છે.
- હાલમાં રાજ્યના વિવિધ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ હેઠળની હજારો ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીના લાખો સભાસદોને આર્થિક સક્ષમતા પ્રદાન કરી રહેલ સહકારી ડેરી

માળખાને માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ સહાય આપવામાં આવી રહી છે.

- સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ડેરી સંઘોને રાજ્યના અન્ય વિકસિત ડેરી સંઘોની હરોળમાં લાવવાના હેતુસર  રાજ્ય સરકાર દ્વારા આ વિસ્તારના સહકારી ડેરી ઉદ્યોગને વિશેષ સહાયની યોજનાની અમલવારી થઈ રહી છે.
- રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માં જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, મોરબી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ અને જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના કુલ રૂ. ૩૦ કરોડના પ્રોજેક્ટ્સ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૬.૮૯ કરોડની સહાય મંજૂર કરવામાં આવી છે અને પ્રથમ તબક્કે કુલ રૂ. ૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રે રાજ્યના પશુપાલકોના હિત અને તેમના આર્થિક અને સામાજિક વિકાસ સંબંધિત રાજ્ય સરકારની કામગીરીથી સંતોષ વ્યક્ત કરી માન. રાજ્યપાલશ્રીના સંબોધનમાં પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રના મુદાઓ પર હું મારું સમર્થન જાહેર કરું છું.

======XXX=====